હજુ સુધી આવા મીનીંગ કોઇપણ છપાયા નથી.

MEANINGS

O.

NELSON'S INDIAN PRIMER.

KARSANDAS NARANDAS & SONS.
Book-sellers & Publishers.
Nanavat, SURAT.

1928.

Price 6 Annas.

ENGLISH ALPHABET

અંગ્રેજી મુળાક્ષર

A એ B બી C સી D ડી E ઈ F એફ G જી
H એચ I આઈ J જે K કે L એલ M એમ N એન
O ઓ P પી Q ક્યુ R આર S એસ T ટી U યુ
V વી W ડબલ્યુ X એક્સ Y વાઈ Z ઝેડ.

SMALL LETTERS.

ન્હાના અક્ષર.

એ b બી c સી d ડી e ઈ f એફ g જી
ı એચ i આઈ j જે k કે l એલ m એમ
n એન o ઓ p પી q ક્યુ r આર s એસ
t ટી u યુ v વી w ડબલ્યુ x એક્સ
y વાઈ z ઝેડ.

ALPHABET.

મુળાક્ષર.

A	એ	એ, આ, અ, ઍ, ઑ.
B	બી	બ.
C	સી	ક, સ.
D	ડી	ડ.
E	ઈ	અ, આ, એ, ઈ.
F	એફ	ફ

G	જી	જ, ગ.
H	એચ	હ, અ.
i	આઇ	આઇ, ઈ. અ.
J	જે	જ
K	કે	ક
L	એલ	લ
M	એમ	મ
N	એન	ન
O	ઓ	ઓ, ઉ. ઑ, અ
P	પી	પ
Q	ક્યુ	કવ એનો ઉચ્ચાર ક પણ.
R	આર	ર
S	એસ	સ
T	ટી	ટ
U	યુ	ઉ, અ, યુ
V	વી	વ
W	ડબલ્યુ	વ્હ
X	એક્સ	ક્સ
Y	વાઈ	ઈ, આઈ, ય
Z	ઝેડ	ઝ.

અંગ્રેજીમાં (૨૬) છવીસ મુળાક્ષર છે તેમાં a, e, i, o, u, સ્વર છે કેટલીક જગ્યાએ y અને w પણ સ્વર ગણાય છે, બીજું ch નો ઉચ્ચાર ચ તથા sh નો ઉચ્ચાર શ.

SCRIPT CAPITAL LETTERS.

લખવાના મોટા અક્ષરો.

A B C D E F G H

I J K L M N O

P Q R S T U V W

X Y Z

SCRIPT SMALL LETTERS.

લખવાના નાના અક્ષરો.

a b c d e f g h i j k l m n

o p q r s t u v w x y z.

MEANINGS
OF
NELSON'S INDIAN PRIMER.

Lesson 1 પાઠ પહેલો.

Primer (પ્રિમર) શરૂઆતની.

Lesson (લેસન) પાઠ.

A (એ) એક.

Man (મૅન) માણસ.

Mat (મૅટ) સાદડી.

On (ઑન) ઉપર.

A man on a mat=સાદડી ઉપર એક માણસ.

Cat (કૅટ) બિલાડી.

A cat on a mat (એ કૅટ ઑન એ મૅટ) સાદડી ઉપર એક બિલાડી.

Cap (કૅપ) ટોપી

A cap on a man=એક માણસના માથાં ઉપર ટોપી.

Lesson 2 પાઠ બીજો.

This (થિસ) આ.

Is (ઇઝ) છે.

This is a man (થિસ ઇઝ એ મૅન) આ એક માણસ છે.

This is a mat (થિસ ઇઝ એ મૅટ) આ એક સાદડી છે.

This is a cat (થિસ ઇઝ એ કૅટ) આ એક બિલાડી છે.

This is a cap (થિસ ઇઝ એ કૅપ) આ એક ટોપી છે.

The man is on the mat (ધ મૅન ઇઝ ઑન ધ મૅટ) તે માણસ તે સાદડી ઉપર છે.

The cap is on the man (ધ કૅપ ઇઝ ઑન ધ મૅન) તે ટોપી તે માણસના માથા ઉપર છે.

This is a man on a mat (થિસ ઇઝ એ મૅન ઑન એ મૅટ) આ એક માણસ સાદડી ઉપર છે.

This is a cap on a man (થિસ ઇઝ એ કૅપ ઑન એ મૅન) આ એક ટોપી માણસના માથા ઉપર છે.

The cat on the mat (ધ) કૅટ ઑન ધ મૅટ) તે સાદડી ઉપર તે બિલાડી.

This cap is on the man (ધિસ કૅપ ઇઝ ઑન ધ મૅન) આ ટોપી તે માણુસના ઉપર છે.

Lesson 3 પાઠ ત્રીજો.

That (ધૅટ) તે; પેલો.

Not (નૉટ) નહિ.

Is not (ઇઝ નૉટ) નથી.

Dog (ડૉગ) કુતરો.

This man is on the mat (ધિસ મૅન ઇઝ ઑન ધ મૅટ) આ માણુસ તે સાદડી ઉપર છે.

That man is not on the mat (ધૅટ મૅન ઇઝ નૉટ ઑન ધ મૅટ) પેલો માણુસ તે સાદડી ઉપર નથી.

This cap is on the man (ધિસ કૅપ ઇઝ ઑન ધ મૅન) આ ટોપી તે માણુસના માથા ઉપર છે.

That cap is not on the man (ધૅટ કૅપ ઇઝ નૉટ ઑન ધ મૅન) પેલી ટોપી તે માણુ-સના (માથા) ઉપર નથી.

This dog is on the mat (ધિસ ડૉગ ઇઝ ઑન ધ મૅટ) આ કુતરો તે સાદડી ઉપર (બેઠો) છે.

That dog is not on the mat (ધૅટ ડૉગ ઇઝ નૉટ ઑન ધ મૅટ) પેલો કુતરો તે સાદડી ઉપર (બેઠો) નથી.

This man is on the mat (ધિસ મૅન ઇઝ ઑન ધ મૅટ) આ માણુસ તે સાદડી ઉપર (બેઠો) છે.

That man is not on the mat–પેલો માણુસ સાદડી ઉપર (બેઠો) નથી.

This dog is on the mat –આ કુતરો તે સાદડી ઉપર (બેઠો) છે.

That dog is not on the mat–પેલો કુતરો સાદડી ઉપર (બેઠો) નથી.

Lesson 4 પાઠ ૪ થો.

Pot (પૉટ) વાસણ.

Box (બૉક્સ) પેટી.

Pen (પેન) કલમ.

Open (ઓપન) ખુલ્લી; ઉઘાડી.

Shut (શટ) બંધ, બંધ કરો.

In (ઇન) અંદર.
This is a pot (ધિસ ઇઝ એ પૅાટ) આ એક વાસણ છે.
That is a box (ધૅટ ઇઝ એ બૅાકસ) પેલી એક પેટી છે.
The pot is on the box (ધ પૅાટ ઇઝ ઑાન ધ બૅાકસ) તે વાસણ તે પેટી ઉપર છે.
This is a pen (ધિસ ઇઝ એ પેન) આ એક કલમ છે.
The pen is on the box (ધ પેન ઇઝ ઑાન ધ બૅાકસ) તે કલમ તે પેટી ઉપર છે.
This box is open (ધિસ બૅાકસ ઇઝ ઓપન) આ પેટી ઉઘાડી છે.
That box is shut (ધૅટ બૅાકસ ઇઝ શટ) પેલી પેટી બંધ છે.
This pen is in the box (ધિસ પેન ઇઝ ઇન ધ બૅાકસ) પેલી કલમ તે પેટીમાં છે.
That pen is on the box (ધૅટ પેન ઇઝ ઑાન ધ બૅાકસ) પેલી કલમ તે પેટી ઉપર છે.
The pen is in the open box (ધિ પેન ઇઝ ઇન ધ ઓપન બૅાકસ) તે કલમ ઉઘાડી પેટીમાં છે.
The pen is on the shut box (ધ પેન ઇઝ ઑાન ધ શટ બૅાકસ) તે કલમ બંધ પેટી ઉપર છે.
The pot is on the shut box (ધિ પૅાટ ઇઝ ઑાન ધ શટ બૅાકસ) તે વાસણ બંધ પેટી ઉપર છે.
Shut the box (શટ ધ બૅાકસ) પેટી બંધ કરો.
Open the box (ઓપન ધ બૅાકસ) પેટી ઉઘાડો.

Lesson 5 પાઠ ૫ મો.

Nnt (નટ) કોટલાંવાળું ફળ.
Is not-નથી.
Sun (સન) સુરજ.
Hot (હૅાટ) ગરમ.
Man has (મૅન હૅઝ) માણસ પાસે છે.
Has (હૅઝ) પાસે છે.
Has not-પાસે નથી.
Gun (ગન) બંદુક.
Thin (થિન) પાતળો.
Fat (ફૅટ) જાડો.

This nut is in the open box (થિસ નટ ઇઝ ઇન ધિ ઓપન બૉક્સ) આ કાટલાવાળું ફળ તે ઉઘાડી પેટીમાં છે.

That nut is not in the box (ધૅટ નટ ઇઝ નૉટ ઇન ધ બૉક્સ) પેલું કાટલાવાળું ફળ તે પેટીમાં નથી.

This is sun (થિસ ઇઝ સન) આ સુરજ છે.

The sun is hot (ધ સન ઇઝ હૉટ) સુરજ ગરમ છે.

This man has a gun (થિસ મૅન હૅઝ એ ગન) આ માણુસ પાસે બંદુક છે.

That man has not a gun (ધૅટ મૅન હૅઝ નૉટ એ ગન) પેલા માણુસ પાસે બંદુક નથી.

This man is thin; he has a gun (થિસ મૅન ઇઝ થિન; હી હૅઝ એ ગન) આ માણુસ પાતળો છે; તેની પાસે બંદુક છે.

That man is fat, he has not a gun (ધૅટ મૅન ઇઝ ફૅટ હી હૅઝ નૉટ એ ગન) પેલો માણુસ જાડો છે; તેની પાસે બંદુક નથી.

The dog is fat; he is not thin (ધ ડૉગ ઇઝ ફૅટ હી ઇઝ નોટ થિન) તે કુતરો જાડો છે; તે પાતળો નથી.

Lesson 6 પાઠ ૬ ઠો.

Yes (યેસ) હા.

No (નો) ના.

He (હી) તે.

He has=તેની પાસે છે.

Has not=પાસે નથી.

It (ઇટ) તે.

Is this a man ? yes. (ઇઝ થિસ એ મૅન ? યેસ) શું આ માણુસ છે ? હા.

Is this a dog ? no. (ઇઝ થિસ એ ડૉગ ? નો) શું આ કુતરો છે ? ના.

Is this a pen ? no. (ઇઝ થિસ એ પેન ? નો) શું આ કલમ છે ? ના.

Is this pen in the box ? yes. (ઇઝ થિસ પેન ઇન ધ બૉક્સ ? યેસ) શું આ કલમ પેટી ઉપર છે ? હા.

Is the nut on the box ? no. (ઇઝ ધ નટ ઑન ધ

બૉક્સ ? નો) શું તે કોટલાવાળું ફળ પેટી ઉપર છે ? ના.

Is the nut in the box ? yes (ઇઝ ધ નટ ઇન ધ બૉક્સ ? યેસ) શું તે કોટલાવાળું ફળ તે પેટીમાં છે ? હા.

Is this man thin ? no; he is fat=શું આ માણુસ પાતળો છે ? ના તે જાડો છે.

Is that man fat ? no; he is thin=શું પેલો માણુસ જાડો છે ? ના; તે પાતળો છે.

Is the sun hot ? શું સુરજ ગરમ છે yes; the sun is hot. હા. સુરજ ગરમ છે (એટલે તપે છે)

Has the thin man a gun ? yes; he has a gun= શું તે પાતળા માણુસ પાસે બંદુક છે; હા તેની પાસે એક બંદુક છે.

Has the fat man a gun ? no; he has not a gun– શું તે જાડા માણુસ પાસે બંદુક છે ? ના. તેની પાસે બંદુક નથી.

Is this a nut ? yes it is a nut–શું આ કોટલાવાળું ફળ છે ? હા; તે કોટલાવાળું ફળ છે.

Is this the sun ? yes; it is the sun–શું આ સૂર્ય છે ? હા; તે સૂર્ય છે.

Is this box open ? yes it is open–શું આ પેટી ઉઘાડી છે ? હા; તે ઉઘાડી છે.

Is that box open ? no; it is shut–શું તે પેટી ઉઘાડી છે ? ના તે બંધ છે.

Is the pot on the box ? શું તે વાસણ પેટી ઉપર છે ? No; ના; it is in the box તે તે પેટીમાં છે.

Lesson 7 પાઠ સાતમો.

Bed (બેડ) બિછાનું.
Beds (બેડ્ઝ) બિછાનાં.
An (ઍન) એક.
Egg (એગ) ઇંડું.
Eggs (એગ્ઝ) ઇંડા.
Cup (કપ) પ્યાલું.
Cups (કપ્ઝ) પ્યાલાં.
Dog (ડૉગ) કુતરો.
Dogs (ડૉગ્ઝ) કુતરા.
Gun (ગન) બંદુક.
Guns (ગન્ઝ) બંદુકો.
Runs (રન્ઝ) દોડે છે.
Sees (સીઝ) જુએ છે.

Kid (કિડ) બકરીનું બચ્ચું.
Sits (સિટ્સ) બેસે છે.
The dog runs (ધ ડૉગ રન્ઝ) તે કુતરો દોડે છે.
The man sees the eggs (ધ મૅન સીઝ ધ એગ્ઝ) તે માણુસ તે ઇંડા જુએ છે.
The dogs run (ધ ડૉગ્ઝ રન) તે કુતરા દોડે છે.
The kid runs (ધ કિડ રન્ઝ) તે બકરીનું બચ્ચું દોડે છે.
Dogs see (ડૉગ્ઝ સી) કુતરા જુએ છે.
The kids run (ધ કિડ્ઝ રન) તે બકરીના બચ્ચાં દોડે છે.
Kids see (કિડ્સ સી) બકરીના બચ્ચાં જુએ છે.
The cat sits on the mat (ધ કૅટ સિટ્ઝ ઑન ધ મૅટ) તે બિલાડી તે સાદડી ઉપર બેસે છે.
The dogs sit on the bed (ધ ડૉગ્ઝ સિટ ઑન ધ બેડ) તે કુતરા તે બિછાના ઉપર બેસે છે.

Lesson 8

His (હિઝ) તેના; પોતાના.
Legs (લેગ્ઝ) પગ; પાયા.

This man આ માણુસ sits બેસે છે. on his bed પોતાના બિછાના ઉપર. That man પેલો માણુસ sits બેસે છે, on his mat પોતાની સાદડી ઉપર. This આ man has માણુસને છે legs પગ. That man has પેલા માણુસને છે. legs પગ. The cat has તે બલાડીને છે legs પગ. The dog has તે કુતરાને છે legs પગ. This man આ માણુસ sees જુએ છે his legs પોતાના પગ. That man પેલો માણુસ sees જુએ છે the dog તે કુતરાને. The cat તે બિલાડી sees જુએ છે the mat તે સાદડી. This man has આ માણુસને છે thin legs પાતળા પગ. That man has પેલા માણુસને છે fat legs જાડા પગ. Has the bed શું તે ખાતલાને છે. legs પૈયા? The bed has તે ખાટલાને

છે legs પૈયા. Has the thin man શું તે પાતળા માણુસ પાસે છે a gun એક બંદુક. The thin man has તે પાતળા માણુસ પાસે છે gun એક બંદુક. Has that man શું તે માણુસ પાસે છે a gun એક બંદુક? That man પેલા માણુસ has not પાસે નથી a gun એક બંદુક. That man has not a gun પેલા માણુસ પાસે બંદુક નથી. Has this man શું આ માણુસ પાસે છે a nut કોટલાવાળું ફળ. This man આ માણુસ has not પાસે નથી a nut કોટલાવાળું ફળ. Has that man શું તે માણુસ પાસે છે a cup એક પ્યાલું? That man has તે માણુસ પાસે છે a cup. એક પ્યાલું.

Lesson 9 પાઠ ૯ મો.

Girl (ગર્લ) છોકરી.
Boy (બૉય) છોકરો.
Toys (ટૉય્ઝ) રમકડાં.
They (ધે) તેઓ.
Have (હૅવ) ની પાસે છે.
With (વિથ) વડે.
Play (પ્લે) રમે છે.
Their (ધેર) તેઓના; પોતાના.
Her (હર) તેણીના.
Are (આર) છે.
Run (રન) દોડે છે.

This is આ છે a girl એક છોકરી. That is તે છે a boy એક છોકરો. The boy has તે છોકરા પાસે છે toys રમકડાં. The girl has તે છોકરી પાસે છે. toys રમકડાં. They have toys તેઓની પાસે રમકડાં છે. Boys play છોકરાઓ રમે છે with વડે their toys તેઓના રમકડાં. Girls play છોકરીઓ રમે છે with વડે their toys તેઓના રમકડાં. They play તેઓ રમે છે with their toys તેઓના રમ-કડાં વડે. This boy આ છોકરો plays રમે છે with વડે his toy પોતાના રમકડાં. That girl તે છોકરી plays રમે છે with her toy પોતાના રમકડાં વડે.

The boy sits તે છોકરો બેસે છે on his bed પોતાના બીછાના ઉપર. The girl sits તે છોકરી બેસે છે on her mat પોતાની સાદડી ઉપર. Toys are રમકડા છે in the open box તે ખુલ્લી પેટીમાં. A toy is એક રમકડું છે in the shut box તે બંધ પેટીમાં. Have boys શું છોકરાઓને હોય છે legs પગ. They have તેઓને છે. legs પગ. The run તેઓ દોડે છે with their legs પોતાના પગ વડે. Have girls શું છોકરીઓ પાસે છે. guns બંદુક No ના they have not તેઓની પાસે નથી guns બંદુક.

Lesson 10 પાઠ દસમો.

Boy's (બૉય્ઝ) છોકરાનું.
Name (નેઈમ) નામ.
Rama (રામ) છોકરાનું નામ છે.
That (ધૅટ) પેલા.
Ramanujam (રામનઉજમ) - છોકરાનું નામ છે.
Thin (થિન) પાતળો.
Fat (ફૅટ) જાડો.
Are (આર) છે. (ઇઝનું બહુવચન)
Man (મૅન) માણસ.
Is not—નથી.
Are not—નથી.
Men (મેન) માણસો.
Two (ટુ) બે.
Rama has—રામને છે.
Legs (લેગ્ઝ) પગ.
Stick (સ્ટિક) લાકડી.
Dog's name—કુતરાનું નામ.
Bob (બૉબ) કુતરાનું નામ છે.
An (ઍન) એક.
English (ઇંગ્લીશ) અંગ્રેજી.
Indian (ઇન્ડિયન) હિંદી.
Sometimes (સમટાઇમ્ઝ) કોઇ કોઇ વાર.
Plays (પ્લેઝ) રમે છે.
Bad (બૅડ) ખરાબ.
Hits (હિટ્ઝ) મારે છે.
With a stick—લાકડી વડે.
Runs away—નાસી જાય છે.
Away (અવે) દુર.
And (ઍન્ડ) અને.
You (યુ) તમે.
You have—તમને છે.

This boy's name આ છોકરાનું નામ is છે Rama રામ. That boy's name પેલા છોકરાનું is છે. R. રામનજીજમ. Ramanujam is રામનજીજમ છે thin પાતળો. Rama is રામ છે fat જાડો. R. and Rama are રામનઉજમ અને રામ છે boys છોકરા. That is પેલો છે a man એક માણસ. He is not તે નથી a boy છોકરો. You are તમો છો boys છોકરાઓ. You are not men તમો માણસો નથી. R. and Rama are રામનઉજમ અને રામ છે. two boys બે છોકરાઓ. Rama has રામને છે two legs બે પગ. R. has રામનઉજમ પાસે છે a stick એક લાકડી. This dog's name આ કુતરાનું નામ is છે. Bob બૉબ. Bob is બૉબ છે Rama's dog રામનો કુતરો. He is તે છે an English dog એક અંગ્રેજી કુતરો. Bob is બૉબ છે an English name અંગ્રેજી નામ. R. and Rama are રામનજીજમ અને રામ છે Indian names હિંદી નામો. Sometimes કોઇ કોઇવાર Rama plays રામ રમે છે with his dog Bob પોતાના કુતરા બૉબ સાથે. Sometimes કોઇ કોઇ વાર he plays તે રમે છે with his toys પોતાના રમકડાં વતી. R. is રામનઉજમ છે a bad boys ખરાબ છોકરો. He hits મારે છે Bob બૉબને with a stick લાકડી વતી and Bob runs away અને બૉબ નાસી જાય છે. Boys and girls have છોકરા ને છોકરીઓને હોય છે names નામો; You have તમને છે names નામો. Sometimes કોઇ કોઇ વાર a boy has એક છોકરાને હોય છે two names બે નામ. English boys and girls have અંગ્રેજ છોકરા અને છોડીઓને હોય છે English names અંગ્રેજી નામ. Indian boys and girls have હિંદી છોકરા અને છોકરીઓને હોય છે Indian names હિંદી નામો.

Lesson 11 પાઠ ૧૧ મો.

Bead (બીડ) કાચનો મણકો.

Heap (હીપ) ઢગલો.

A heap of bead=કાચના મણકાનો ઢગલો.

Leaf (લીફ) પાંદડું.

Leaves (લીવ્ઝ) પાંદડાં.

A heap of leaves=પાંદડાનો ઢગલો.

Kids (કિડઝ) બકરીનાં બચ્ચાં.

Eat (ઇટ) ખાય છે.

Leans (લીન્ઝ) અઢેલે છે.

Reads (રીડઝ) વાંચે છે.

Book (બુક) ચોપડી.

Sita (સિતા) છોકરીનું નામ છે.

She (શી) તેણી.

She has=તેણીના પાસે.

Opens (ઓપન્ઝ) ઉઘાડે છે.

Takes out (ટેઇકઝ આઉટ) બહાર કાઢે છે.

Then (ધેન) ત્યારપછી.

She plays with them= તેણી તે વડે રમે છે.

Them (ધેમ) તેમને.

Sits (સિટઝ) બેસે છે.

Stool (સ્ટુલ) બાજઠ.

Lesson 12 પાઠ ૧૨ મો.

Look (લુક) જુઓ.

At (ઍટ) તરફ.

Bird (બર્ડ) પક્ષી.

It (ઇટ) તે.

It has (ઇટ હૅઝ) તેને છે.

Long (લૉન્ગ) લાંબી.

Beak (બીક) ચાંચ.

Wings (વિંગ્ઝ) પાંખો.

Near (નિયર) નજદીક; પાસે.

Sun (સન) સૂર્ય.

Sets (સેટઝ) આથમે છે, અસ્ત પામે છે.

Sea (સી) સમુદ્ર.

Ship (શિપ) વહાણ.

Big (બિગ) મ્હોટું.

Little (લિટલ) નાનો.

Bed (બેડ) પથારી; બિછાનું.

Takes (ટેઇકઝ) લે છે.

Out of (આઉટ ઑફ) માંથી.

Gun (ગન) બંદુક.

Short (શૉર્ટ) ટુંકી.

Look જુઓ at this bird આ પક્ષી તરફ. It has તેને છે a long beak લાંબી ચાંચ. It has તેને છે two legs and two wings બે પગ અને બે પાંખ. It is તે છે. near

a heap of leaves પાંદડાંના ઢગલા નજદીક. Look જુઓ at the sun સુરજ તરફ; It sets તે અસ્ત પામે છે in the sea સમુદ્રમાં, A ship is એક વહાણુ છે near the sun સુરજની નજદીક. It is તે છે a big ship એક મ્હોટું વહાણુ. This is આ છે a big boy એક મ્હોટો છોકરો. That is તે છે a little boy એક નાનો છોકરો. The little boy sits તે નાનો છોકરો બેસે છે. on a bed એક પથારી ઉપર. The big boy તે મોટો છોકરો sits બેસે છે on a stool બાજઠ ઉપર near the bed પથારી નજદીક. He takes તે લે છે a little book નાની ચોપડી out of his box પોતાની પેટીમાંથી and then અને ત્યાર પછી he reads it તે તેને વાંચે છે. This is આ છે a gun એક બંદુક; it is તે છે a long gun એક લાંબી બંદુક. R. hits રામનજિમ મારે છે Bob બૉબને with a short stick નાની લાકડી વડે.

Lesson 13 પાઠ તેરમો.

Head (હેડ) માથું.
Eyes (આઇસ) આંખો.
Nose (નોઝ) નાક.
Mouth (માઉથ) મોઢું.
Chin (ચિન) હડપચી.
Lips (લિપ્ઝ) હોઠ.
Arms (આમર્ઝ) હાથ.
Hands (હૅન્ડઝ) હાથ.
Legs (લેગ્ઝ) પગ.
These (ધીસ) આ.
Parts (પાર્ટઝ) ભાગ.
Body (બૉડિ) શરીર.
Near (નિયર) નજદીક.
Between (બિટવીન) વચ્ચે.
Birds (બર્ડઝ) પક્ષીઓ.
Beaks (બીક્ઝ) ચાંચ.
We (ઉવી) આપણે.
Our (આવર) આપણા.
Speak (સ્પીક) બોલીએ છીએ.
Bob's (બૉબ્ઝ) બૉબનાં.
Good (ગુડ) ભલો.
Books (બુક્સ) ચોપડીઓ.

Rama has રામને છે a head એક માથું two eyes બે આંખ a nose એક નાક a mouth એક મ્હોં two lips બે હોઠ two arms બે હથ two hands બે હાથ and two legs અને બે પગ. These are આ છે parts ભાગ of his body તેના શરીરના. One lip એક હોઠ is છે. near the chin હડપચી નજદીક; the nose નાક is છે between the eyes આંખની વચ્ચે. Dogs have કુતરાને હોય છે. mouths મ્હોં; Birds have પક્ષીઓને હોય છે beaks ચાંચ. We eat આપણે ખાઇએ છીએ with our mouths આપણા મ્હોં વડે and અને we speak આપણે બોલીએ છીએ with our mouths આપણા મ્હોં વડે. Dogs eat કુતરા ખાય છે with their mouths પોતાના મ્હોં વડે; Birds eat પક્ષીઓ ખાય છે with their beaks પોતાની ચાંચ વડે. We look આપણે દેખીએ છીએ and we see અને આપણે જોઇએ છીએ with our eyes આપણી આંખ વડે. Boys run છોકરાઓ દોડે છે with their legs પોતાના પગ વડે. Ramanujam has રામનઉજમને છે long thin legs લાંબા પાતળા પગ. Rama has રામને છે short fat legs ટુંકા જાડા પગ. Ramanujam has રામનઉજન પાસે છે. a long stick એક લાંબી લાકડી in his hand પોતાના હાથમાં. Sita has સીતા પાસે છે a book એક ચોપડી in her hand પોતાના હાથમાં, Rama has his hand રામે પોતાનો હાથ મુકયો છે. on Bob's head (બૉબના માથા ઉપર. Rama is રામ છે a good boy એક ભલો છોકરો. Ramanujam is રામનઉજમ છે a bad boy એક ખરાબ છોકરો. Good girls સારી છોકરીઓ read વાંચે છે books ચોપડીઓ. Bad boys ખરાબ છોકરા hit મારે છે girls છોકરીઓને.

Bob is બૉબ છે a good dog એક સારો છોકરો; he looks જુએ છે at Rama રામ તરફ.

Lesson 14 પાઠ ૧૪ મો.	Beams (બીમ્સ) ભારવટિયા.
Look (લુક) જુઓ.	Are made (આર મેઈડ) બનાવવામાં આવે છે.
Tree (ટ્રી) ઝાડ.	House (હાઉસ) ઘર.
It has (ઇટ હૅઝ) તેને છે.	Roof (રૂફ) છાપરૂં.
Leaves (લીવ્ઝ) પાંદડાં.	Door (ડોઅર) બારણું.
Under (અન્ડર) નીચે.	Windows (વિન્ડોઝ) બારીઓ.
Lies (લાઇઝ) પડેલું છે.	Live (લિવ) રહે છે.
Between (બીટ્વીન) વચ્ચે.	Beds (બેડ્ઝ) ખાટલા.
Eats (ઇટ્સ) ખાય છે.	Stools (સ્ટુલ્સ) બાજઠો.
Teak tree (ટીક ટ્રી) સાગનું ઝાડ.	Three (થ્રી) ત્રણ.
Wood (વુડ) લાકડું.	Near (નિયર) નજદીક.
Is called (કૉલ્ડ) ને કહે છે.	Take up—ઉંચકી લે છે.

Look જુઓ at this tree આ ઝાડ તરફ; it has તેને છે leaves પાંદડાં. A bird sits એક પક્ષી બેસે છે. in the tree તે ઝાડ ઉપર. Two heaps of leaves પાંદડાના બે ઢગલા are under the tree તે ઝાડ નીચે. A kid lies એક બકરીનું બચ્ચું સુતેલું છે between the heap of leaves તે પાંદડાંના ઢગલા વચ્ચે. A kid eats એક બકરીનું બચ્ચું ખાય છે leaves of the tree તે ઝાડના પાંદડાં.

It is તે છે a teak tree એક સાગનું ઝાડ. The wood of the tree તે ઝાડના લાકડાં is calld ને કહે છે teak સાગ. Beams are made ભારવટિયા બનાવવામાં આવે છે of teak સાગના. Look જુઓ at this house આ

તરફ. The roof of the house તે ઘરનું છાપરૂં is made બનાવવામાં આવ્યું છે of teak beams સાગના ભારવટિયાનું. The house has ઘરને છે a door એક દરવાજો and windows અને બારીઓ. The door is તે દરવાજો છે between two windows બે બારીઓ વચ્ચે. R. & R. live રામ અને રામનઉજમ રહે છે. in the house તે ઘરમાં. Beds ખાટલા and stools બાજઠ are છે in the house તે ઘરમાં. They are made તે બનાવેલાં છે of teak wood સાગનાં લાકડાનાં. Three trees ત્રણ ઝાડ are છે near the house ઘરની નજદીક. It is તે છે between the trees ઝાડોની વચ્ચે. Nuts are કોટલાવાળા ફળો છે on the trees તે ઝાડ ઉપર and under the trees તે ઝાડો નીચે. Rama takes up–રામ ઉચકી લે છે a nut કોટલાવાળું ફળ and અને Bob looks બૉબ જુએ છે. at him તેને. R. sits રામનઉજમ બેસે છે near the door તે દરવાજા પાસે.

Lesson 15 પાઠ ૧૫ મો.

Pot (પૉટ) વાસણ.
Ink (ઇન્ક) શાઈ.
There is (ધેર ઇઝ) છે.
Ink–pot (ઇન્કપૉટ) ખડિયો.
Pen (પેન) કલમ.
Is made (ઇઝ મેઇડ) બનેલી છે.
Tin (ટિન) પતરૂં.
Lie (લાઇ) પડેલી છે.
Are not–નથી.
Stands (સ્ટૅન્ડઝ) મુકેલો છે.
Is shut (શટ) બંધ છે.
Rama's (રામસ) રામની.
Rooms (રૂમઝ) ઓરડા.
Each (ઇચ) દરેક.
Lives (લિવ્ઝ) રહે છે.
Go (ગો) જઇએ છીએ.
Out (આઉટ) બહાર.
Out of (આઉટ ઑફ) માંથી.

Look at જુઓ this pot આ વાસણ (ખડિયો). There is છે ink શાઈ in it તેમાં. It is તે છે an inkpot શાઇનો ખડિયો. There is છે a pen એક કલમ in the ink-pot તે ખડિયામાં. The ink-pot ખડિયો stands મુકેલો છે on a box એક પેટી ઉપર. The box તે પેટી is made બનેલી છે of a tin પતરાંની. It is તે છે a tinbox એક પતરાની પેટી. Two pens બે કલમો lie પડેલી છે on the box તે પેટી ઉપર. They are not તે નથી in the ink-pot ખડિયામાં. The box તે પેટી is shut બંધ છે; in it તેમાં are છે Rama's books રામની બુકો and અને Sita's beads સીતાના મણકા. R.'s toys રામનઉજમના રમકડાં. There are છે three rooms ત્રણ ઓરડા in that house તે ઘરમાં. Each room has દરેક ઓરડાને છે a window and a door એક બારી અને બારણું and અને the house has તે ઘરને છે a door એક દરવાજો. R. lives રામા રહે છે in one room એક ઓરડામાં. Sita lives સીતા રહે છે in one room એક ઓરડામાં and અને R. lives રામનઉજમ રહે છે in one room એક ઓરડામાં.

There is છે a bed ખાટલો in Rama's room રામના ઓરડામાં.There is a stool સ્ટુલ છે in R.'s room રામનઉજમના ઓરડામાં. There is no નથી stool સ્ટુલ in Sita's room સીતાના ઓરડામાં. We go આપણે જઇએ છીએ in and out અંદર અને બહાર at the door of a house ઘરના દરવાજામાંથી.

We look આપણે જોઇએ છીએ out of the window બારીમાંથી. Rama goes in રામા અંદર જાએ છે at the

door of this house આ ઘરના દરવાજેથી and Sita looks અને સીતા જુએ છે out of the window of her rcom તેની ઓરડીની બારીમાંથી બહાર. She sees તેની જુએ છે trees ઝાડો and the kids અને બકરીના બચ્ચાં.

There is no ink શાઇ નથી in the ink-pot ખડિયામાં. There are no nuts કોટલાવાળાં ફળ નથી on this tree આ ઝાડ ઉપર. There are છે three nuts ત્રણ ફળો on that tree તે ઝાડ ઉપર. There are no નથી leaves પાંદડાં under the trees તે ઝાડ નીચે.

Lesson 16 પાઠ ૧૬મો.

Drink (ડ્રિન્ક) પીએ છીએ.
Water (ઉવૉટર) પાણી.
Bathe (બેધ) ન્હાવું.
Wash (ઉવૉશ) ધોવું.
Our (આવર) આપણા.
Clothes (ક્લોધઝ) કપડાં.
Tanks (ટૅન્કઝ) તળાવ.
Wells (ઉવેલ્ઝ) કુવાઓ.
Also (ઓલસો) વળી.
Sea (સી) દરીઓ.
Here (હીઅર) અહીંઆ.
Are bathing-નાહે છે.
Are standing (આર સ્ટૅન્ડિંગ) ઉભા છે.
Their (ધેર) તેઓના.
Bodies (બૉડિઝ) શરીર.
Are putting (પુટિંગ) નાંખે છે.
Hands (હૅન્ડઝ) હાથ.
Is washing (ઉવૉશિંગ) ધુએ છે.
Are taking (ટેઇકિંગ) લઇ જાય છે.
Water-pots (ઉવૉટર પૉટઝ) પાણીના દેગડા.
Is drinking (ડ્રિંકિંગ) પીએ છે.
Are lying (લાઇંગ) સુતાં છે.
Is looking (લુકિંગ) જુએ છે.
Is drawing (ડ્રૉઇંગ) ખેંચે છે.

We drink આપણે પીએ છીએ water પાણી, and અને we bathe આપણે નાહીએ છીએ in it તેમાં and અને wash our clothes આપણાં કપડાં ધોઇએ છીએ in it તેમાં. There is છે water પાણી in tanks તળાવમાં and in wells અને કુવામાં and also in sea અને વળી સમુદ્રમાં. Here અહીંઆ We see આપણે જોઇએ છીએ a tank એક તળાવ. There is છે water પાણી in it તેમાં and અને there are છે trees ઝાડ near it તેની નજદીક. We also see વળી આપણે જોઇએ છીએ houses ઘરો near the tank તે તળાવ નજદીક. They are છે between વચ્ચે the tank and the trees તે તળાવ અને ઝાડો. Boys are bathing છોકરાઓ નાહે છે in the tank તે તળાવમાં. They are standing તેઓ ઉભા છે with their legs પોતાના પગ રાખીને in the water પાણીમાં. Their bodies are તેઓના શરીર છે out of the water પાણીની બ્હાર. They are putting તેઓ નાંખે છે water પાણી on their heads તેઓના માથા ઉપર with their hands પોતાના હાથ વતી. Sita is washing સીતા ધોય છે clothes કપડાં in the tank તે તળાવમાં. Girls are taking છોકરીઓ લઇ જાય છે water પાણી from the tank તળાવેથી to the houses ઘેર. They take it તેઓ તે લઇ જાય છે in water-pots પાણીના દેગડામાં. A dog is drinking એક કુતરો પીએ છે. in the tank તે તળાવમાં. Kids are lying બકરીના બચ્ચાં સુતાં છે under the trees ઝાડ નીચે. Rama is standing રામ ઉભો છે near the well તે કુવા પાસે. Bob lies near બૉબ નજદીક સુતો છે. He is looking તે જુએ છે at Rama રામા તરફ. R. is drawing રામનઉજમ ખેંચે છે. water

પાણી from the well કુવામાંથી. He draws તે કાઢે છે. in a water-pot દેગડામાં. We drink આપણે પીએ છીએ the good water સારૂં પાણી. from wells કુવામાંથી. We bathe in water from tanks આપણે તળાવના પાણીથી નાહીએ છીએ.

Lesson 17 પાઠ સત્તરમો.

Schoolroom (સ્કુલ રૂમ) નિશાળનો ઓરડો.

Banches (બેન્ચિસ) પાટલીઓ

Desks (ડેસ્કઝ) ઢળતી મેજો.

Are sitting (સિટિંગ) બેસે છે.

Some (સમ) કેટલાક.

Are reading (રીડીંગ) વાંચેછે.

Books (બૂકસ) ચોપડીઓ.

Put (પુટ) મૂકે છે.

Other (અધર) બીજા.

Are writing (રાઇટિંગ) લખેછે.

Copy-books (કૉપિ બુકસ) કોપી બુકો.

Lie (લાઇ) પડેલી છે.

Dip (ડિપ) બોળે છે

Maps (મૅપ્ઝ) નકશા.

Walls (ડવૉલ્ઝ) દીવાલો; ભીંત.

India (ઇંડિયા) હિંદુસ્તાન.

England (ઇંગ્લંડ) ઇંગ્લંડ દેશ.

Are standing (સ્ટૅન્ડિંગ) ઉભા છે.

Master's (માસ્ટર્ઝ) શિક્ષકની.

Are looking (લૂકિંગ) જુએછે.

Is saying (સેઇંગ) કહે છે.

Them (ધેમ) તેમને.

Here is=આ રહ્યું.

Bombay (બૉમ્બે) મુંબઈ.

Madras (મદ્રાસ) મદ્રાસ.

Calcutta (કલકત્તા) કલકત્તા.

Ganges (ગૅનજીસ) ગંગાનદી.

Indus (ઇનડસ) સિંધુ નદી.

Bell (બેલ) ઘંટ.

Roof (રૂફ) છાપરૂં.

Rings (રિંગ્ઝ) વાગે છે.

Go to school=નિશાળે જાય છે.

Is writing (રાઇટિંગ) લખે છે.

Is opening (ઓપનિંગ) ઉઘાડે છે.

Is taking out (ટેકિંગ) બહાર કાઢે છે.

Others (અધર્ઝ) બીજા.

Deep (ડીપ) ઉંડા.

Here અહિંઆ we see આપણે જોઇએ છીએ a school room એક નિશાળનો ઓરડો in it તેમાં there are છે. benches and desks પાતલીઓ અને ઢળતી મેજો. Boys are sitting છોકરાઓ બેઠા છે on the benches પાતળીઓ ઉપર. Some are reading કેટલાક વાંચે છે books ચોપડીઓ. They put તેઓ મુકે છે their books પોતાની ચોપડીઓ on the desks ઢળતી મેજ ઉપર. Other boys બીજા છોકરાઓ are writing લખે છે. They write તેઓ લખે છે in copy-books કોપીમાં. Their copy-books તેઓની કોપીઓ lie પડેલી છે on the desks ઢળતી મેજ ઉપર They write તેઓ લખે છે with pens કલમ વડે and અને they dip તેઓ બોળે છે their pens તેઓની કલમો in the ink-pots ખડિયામાં. There is છે ink શાહી in the ink-pot ખડિયામાં. There are છે maps નકશા on the wall of the school room નિશાળના ઓરડાની ભીંત ઉપર. One map એક નકશો is છે a map of India હિંદુસ્તાનનો નકશો and one is અને એક છે a map of England ઈંગ્લંડનો નકશો. Some boys કેટલાક છોકરા are standing ઉભા છે near the master's desk શિક્ષકની મેજ નજદીક. They are looking તેઓ જુએ છે at the map of India હિંદુસ્તાનના નકશા ભણી. The master is saying શિક્ષક કહે છે to them તેમને look at the map નકશા ભણી જુઓ. Here is આ રહ્યું Bombay મુંબઇ Here is આ રહ્યું Madras મદ્રાસ. Here is Calcutta આ રહ્યું કલકત્તા. This is આ રહી the Ganges ગંગા. This is આ છે the Indus સિંધુ નદી. They see તેઓ જુએ છે sea દરીઓ also વળી on the map નકશા ઉપર. They do

not see તેઓ જોઈ શકતા નથી ships વ્હાણો on it તેમાં. There is છે a water-pot પાણીનું વાસણ in the school room નિશાળના ઓરડામાં and અને there is છે good water સારૂ પાણી in it તેમાં. The boys drink છોકરાઓ પીએ છે water from it તેમાંથી પાણી. There is છે a bell ઘંટ on the roof છાપરા ઉપર of the school નિશાળના. The bell rings ઘંટ વાગે છે. The boys go છોકરાઓ જાય છે to school નિશાળે. We see અમે જોઇએ છીએ Rama and R. રામ અને રામનુજમ in the school નિશાળમાં. Rama is writing રામ લખે છે in his copy book પોતાની કોપી બુકમાં. Ramanujam રામન ઉજમ is opening ઉઘાડે છે his desk પોતાની મેજ and અને he is taking out તે બહાર કાઢે છે a book એક ચોપડી. Some boys કેટલાક છોકરા are છે good ભલાં; others બીજા are not નથી good ભલા. Some wells કેટલાક કુવા are છે deep ઉંડા. There are છે nuts ફળો in some trees કોઇ ઝાડો ઉપર; there are no nuts કોટલાવાળાં ફળો નથી. on other trees બીજા ઝાડો ઉપર Is Rama writing ? શું રામ લખે છે. Yes, હા, he is writing તે લખે છે. Are there maps શું નકશાઓ છે on the wall દિવાલો ઉપર. Yes હા. Are playing શું રમે છે the boys છોકરાઓ ? No; ના they are not playing તેઓ રમતા નથી. Are reading શું વાંચે છે some boys કેટલાક છોકરાં ? Yes. હા; some are reading કેટલાંક વાંચે છે. Are others writing ? શું બીજા લખે છે. Yes હા, others are writing બીજા લખે છે. Is there a bell શું ઘંટ છે on the roof છાપરા ઉપર of the school નિશાળના. Yes હા; there is

a bell ઘંટ છે on the roof છાપરા ઉપર. Maps are નકશાઓ છે on the well દિવાલ ઉપર. The school has નિશાળમાં છે a bell એક ઘંટ.

Lesson 18 પાઠ ૧૮ મો.

Are sitting (આર સિટિન્ગ) બેઠા છે.

Inside (ઇનસાઇડ) અંદર.

Outside (આઉટ સાઇડ) બહાર.

Tank (ટૅન્ક) તળાવ.

Trees (ટ્રીઝ) ઝાડો.

Houses (હાઉસિઝ) ઘરો.

Hot (હૉટ) ગરમ.

Cool (કુલ) ઠંડક; ઠંડકવાળા.

Like (લાઇક) ગમે છે.

Do not like–ગમતું નથી.

Summer (સમર) ઉન્હાળો.

Winter (ઉવિન્ટર) શિયાળો.

Bathe (બેઈધ) નાહે છે.

Rivers (રિવર્ઝ) નદીઓ.

Cool water=ઠંડા પાણી.

Sometimes (સમટાઇમ્ઝ) કોઇ કોઇ વાર.

Long (લૉન્ગ) લાંબી.

Also (ઑાલસો) વળી.

Towns (ટાઉન્ઝ) શહેરો.

Big (બિગ) મ્હોટું.

Drink (ડ્રિન્ક) પીવું.

Do not drink (ડ્રિન્ક) પિતા નથી.

Salt (સૉલ્ટ) ખારું.

Little (લિટલ) ન્હાના.

Sun (સન) સુરજ.

Set (સેટ) અસ્ત પામતો.

Does not like (લાઇક) ચાહતો નથી.

Leaves (લીવ્ઝ) પાંદડાં.

Food (ફુડ) ખોરાક.

Kids (કિડઝ) બકરીના બચ્ચાં.

Meat (મીટ) માંસ.

Do not eat–ખાતા નથી.

Salt (સૉલ્ટ) મીઠું.

Do not like=ચાહતા નથી.

Crow (ક્રો) કાગડો.

Is sitting (સિટિન્ગ) બેઠો છે.

Roof (રૂફ) છાપરાં.

Black (બ્લૅક) કાળો.

Beak (બીક) ચાંચ.

Wings (વિંગઝ) પાંખો.
Are flying (આર ફ્લાઇંગ) ઉડે છે.
Are bathing (આરબેધિંગ) નાહે છે.
Sky (સ્કાય) આકાશ.
Others (અધર્સ) બીજા.
Some (સમ) કેટલાક.

Boys are sitting છોકરાઓ બેઠા છે inside the school room નિશાળના ઓરડા અંદર. We see આપણે જોઇએ છીએ outside it તેની બહાર. the tank તળાવ some trees કેટલાક ઝાડો and some houses અને કેટલાક ઘરો. outside the school room નિશાળના ઓરડાની બહાર it is hot ગરમી છે (તાપ પડે છે.) Inside અંદરની બાજુએ it is cool ઠંડક છે. Boys like છોકરાઓને ગમે છે. the cool school room ઠંડકવાળો નિશાળનો ઓરડો; they do not like તેઓને ગમતો નથી the hot sun ગરમ તડકો outside બહાર. In summer ઉન્હાળામાં the sun is hot સુરજ તપે છે. In winter શિયાળામાં it is not hot તે તપતો નથી. In summer ઉન્હાળામાં boys bathe છોકરાઓ નાહે છે in tanks તળાવમાં and rivers અને નદીઓમાં in cool water ઠંડા પાણીમાં In winter શિયાળામાં they bathe તેઓ નાહે છે in hot water ગરમ પાણીએ in their houses પોતાના ઘરમાં. Sometimes કોઈ કોઈવાર in summer ઉન્હાળામાં they bathe તેઓ નાહે છે in the sea દરિયામાં In England ઇંગ્લાંડમાં it is not so hot એટલો તાપ પડતો નથી in summer ઉન્હાળામાં as in India હિંદુસ્તાનની માફક. The Ganges and the Indus ગંગા અને સિંધુ are છે rivers of India હિંદુસ્તાનની નદીઓ. We see આપણે જોઇએ છીએ them તેમને in the map નકશામાં.The Ganges is not so long ગંગા તેટલી નથી as the Indus (is long) જેટલી સિંધુ (લાંબી) છે We

also see વળી આપણે જોઇએ છીએ in the map નકશામ Calcutta કલકત્તા. Bambay મુંબાઈ, and Madras અને મદ્રાસ. These are આ છે towns શહેરો. Madras is not so big મદ્રાસ તેટલું મ્હોટું નથી as Bambay જેટલું મુંબાઇ (મ્હોટું) છે. Bombay is not so big મુંબાઇ તેટલું મોટું નથી as Calcutta જેટલું કલકત્તા મોટું છે. There is છે water પાણી in the sea દરીઆમાં. We do not drink આપણે પીતા નથી it તે It is તે છે salt water ખારૂં પાણી. On the sea દરીઆમાં there are છે ships વ્હાણો. Some are big કેટલાક મ્હોટા છે. Some are little કેટલાક નહાના છે. We see આપણે જોઇએ છીએ the sun set સુરજને આથમતો in the sea દરીઆમાં. Rama does not like રામ ચહાતો નથી. Bob likes Rama બોબ રામને ચાહે છે; he does not like તે ચહાતો નથી. Leaves are પાંદડાં છે the food of the kids બકરીના બચ્ચાંનો ખોરાક Meat is માંસ છે the food of dogs કુતરાનો ખોરાક. Kid eats બકરીના બચ્ચાં ખાય છે leaves પાંદડાં; they do not eat તેઓ ખાતા નથી. meat માંસ. We eat salt આપણે ખાઇએ છીએ salt મીઠું with our food આપણા ખોરાક સાથે. Kids like બકરીના બચ્ચાને ગમે છે salt મીઠું; dogs donot like કુતરાને ગમતું નથી it તે. Look જુઓ at the crow કાગડા તરફ on the roof છાપરા ઉપર of the house ઘરના. It is sitting તે બેઠો છે on the roof છાપરા ઉપર. It is black તે કાળો છે; its beak and wings and legs તેની ચાંચ અને પાંખ અને પગ are black કાળા છે. We see આપણે જોઇએ છીએ other crows બીજા કાગડાને. They are flying તેઓ ઉડે છે. Others are bathing બીજા નાહે છે in the tank

તળાવમાં. Birds fly પક્ષીઓ ઉડે છે in the sky આકાશમાં. The sun is સુરજ છે in the sky આકાશમાં. Some crows કેટલાક કાગડાઓ are bathing નાહે છે, others fly બીજા ઉડે છે in the sky આકાશમાં.

Lesson 19 પાઠ ૧૯ મો.

Bring (બ્રિન્ગ) લાવે છે.
Sticks (સ્ટિક્સ) લાકડીઓ.
Straws (સ્ટ્રૉઝ) પરાળ.
Beaks (બીક્ઝ) ચાંચ.
With these=આવડે.
Make=બનાવે છે.
Nests (નેસ્ટ્ઝ) માળા.
Under (અંડર) નીચે.
Holes (હોલ્સ) દરો.
Walls (ઉવૉલ્સ) દીવાલો.
Do not make=બનાવતા નથી.
These (ધીઝ) આ. ધિસનું (બહુવચન)
Lay (લે) મૂકે છે.
Eggs (એગ્ઝ) ઈંડાં.
Ground (ગ્રાઉન્ડ) જમીન.
Come out (કમ આઉટ) બહાર આવે છે.
Old (ઓલ્ડ) બુઢ્ઢાં.
Seeds (સીડ્ઝ) બીયાં.
Worms (ઉવર્મસ) કીડા.
Feathers (ફેધર્સ) પીછાં.
Grow (ગ્રો) ઉગે છે.
Wings (ઉવિન્ગઝ) પાંખો.
Fly away (ફ્લાઇ અવે) ઉડી જાય છે.
Do not bring=લાવતા નથી.
Is bringing (બ્રિન્ગિંગ) લાવેછે.
Is making (મેઇકિંગ) બનાવે છે.
Is sitting (સિટિંગ) બેઠું છે.
Another (અનધર) બીજું.
Is standing (સ્ટૅન્ડિંગ) ઉભું છે.
Foot (ફુટ) પગ.
